**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૩ ટકા

# ગોકુલપુરા પાસે અકસ્માતમાં તરૂણીનું મોત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના ગોકુળપુરા પાસેના 'ક' રોડ પર વધુ એક તરૂણીએ પોતાનું જીવન ગુમાવ્યું છે. રખડતાં ઢોર અને ગંદકીથી ખદબદતા આ માર્ગ પરથી પોતાના એક્ટિવા પર પસાર થઈ રહેલી વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટમાં રહેતી ૧૯ વર્ષીય કવિતા સુરેશભાઈ પટેલનું સ્કૂટર નારાયણનગર નજીક રોડ ડીવાઈડર સાથે ટકરાવાને કારણે થયેલા અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતા કરૂણ અવસાન થવા પામ્યું છે. અકસ્માતમાં ઘાયલ તરૂણીને તુરંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી જ્યાં પ્રાથમિક સારવાર બાદ વિવિધ ચકાસણી પછી અમદાવાદ લઈ જવા રિફર કરાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. જો કે તરૂણીના સગાઓએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવારમાં બેદરકારી અને વિલંબ થયો હોવાના આક્ષેપ કરવા સાથે તેમની વ્હાલસોયી દિકરી ગુમાવ્યાં બદલ રોષ વ્યકત કર્યો હતો.

### અમદાવાદ રીફર કરવામાં વિલંબ થયો હોવાની ચર્ચા

અકસ્માતને કારણે રોડ પર પછડાવાથી કવિતાના શરીરે મલ્ટિપલ ફેકચર્સ થયા હતા. જેની સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જ્યાં એકસરે તો પાડવામાં આવ્યા પરંતુ સીટીસ્કેન, એમઆરઆઈ જેવા રિપોર્ટસ માટે અમદાવાદ ખસેડવી પડી હતી. આ નિર્ણયમાં વિલંબ થવા દરમિયાન તેના શરીરમાંથી ઘણું લોહી વહી જવા પામ્યું હોવાનું નજરે જોનારાનું કહેવું હતું.

વાવોલના તળાવ સામે સત કૈવલ પાર્લર ચલાવતા સુરેશભાઈ પટેલની દિકરી કવિતાના અકસ્માતને પગલે વાવોલના સોસયાટી વિસ્તારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. સમગ્ર



સોસાયટી વિસ્તારમાં ગોકુલપુરા વિસ્તારની ગંદકી અને રખડતાં ઢોરની સ્થિતિને બાબતે તંત્ર પ્રત્યે રોષની લાગણી જોવા મળી હતી. બીજી તરફ પટેલ પરીવાર પર જાણે આફતનો પહાડ તુટી પડયો હતો અને હસતી રમતી દિકરી ગુમાવતા સમગ્ર પરિવાર શોકમગ્ન બની જવા પામ્યો હતો. સ્વ. કવિતાના મૃતદેહનો મોડી રાત્રીએ અમદાવાદથી શાલીન-૪ એપાર્ટમેન્ટ લવાયો હતો જેના અંતિમ દર્શનાર્થે સમગ્ર સોસાયટી વિસ્તારના રહીશો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા અને અશ્રુધારા વહાવતા નજરે ચઢયા હતા. મોડી રાત્રીએ સ્વ. કવિતાના મૃતદેહને તેમના વતન વસઈ ખાતે લઈ જવાયો હતો અને બીજે દિવસે સવારે તેમની અંતિમક્રિયા કરાઈ હતી. સ્વ. કવિતાની અંતિમયાત્રાને પગલે વસઈમાં પણ શોકની કાલિમા છવાઈ જવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા ગોકુલપુરા પાસે આ સ્થળે જ સર્જાયેલા અકસ્માતમાં એક યુવા શિક્ષિકાનું પણ મૃત્યુ થયું હતું.

## ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંકની સરગાસણ શાખાના નવીન મકાનનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૧

પાટનગરના વિકાસ સાથે વધતી વસતી અને વિકસતા નવા વિસ્તારમાં માળખાકીય સુવિધાઓનો વ્યાપ પણ વધારવો જરૂરી બનતો જાય છે. જિલ્લાની અગ્રણી બેંક 'ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ.




બેંક' દ્વારા શહેરના નવા વિકસેલા સરગાસણ ચાર રસ્તા જેવા ગુડા વિસ્તારમાં વસતા નાગરિકોને અનુલક્ષીને પ્રમુખ ટેન્જન્ટ બિલ્ડીંગ ખાતે નવીન મકાનમાં શાખાની બેંકીંગ કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બેંકના ચેરમેન વિક્રમ પટેલ, વાઈસ ચેરમેન પ્રવિણકુમાર પટેલ તથા મેનેજીંગ ડિરેકટર વિપુલ પટેલના હસ્તે આ ઉદઘાટન યોજાયું હતું. આ પ્રસંગે બેંકના ડિરેકટર્સ, અધિકારીઓ, કર્મચારીગણ ઉપરાંત મોટી સંખ્યામાં બેંકના ગ્રાહકો તથા આ વિસ્તારના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બોર્ડની પરીક્ષા સેન્ટરમાં સરકારી કર્મચારીઓને મોબાઈલ લઈ જવામાં પ્રતિબંધ

### બને ત્યાં સુધી સ્કૂલ લેન્ડલાઈન ફોનનો ઉપયોગ કરવા શિક્ષણ બોર્ડનો આદેશ

ગાંધીનગર, તા.૧

આવનાર ૫ માર્ચથી શરૂ થઈ રહેલી બોર્ડની પરીક્ષા નિયમોથી ભરેલા હશે ત્યારે વિદ્યાર્થી સાથે હવે પરીક્ષામાં સરકારી કર્મચારીઓ પણ મોબાઈલ લઈ જઈ શકશે નહિ. બોર્ડ દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં પરીક્ષાની કામગીરી સથે જોડાયેલા તમામ કર્મચારીઓ પણ પરીક્ષા દરમિયાન ફોન લઈ પરીક્ષા કેન્દ્રમાં આવી શકશે નહિ તેમ જણાવાયું છે. આ ઉપરાંત માત્ર સરકારી પ્રતિનિધિને મોબાઈલ ફોન પ્રિન્સિપાલની ઓફિસ સુધી લઈ જવાની છૂટ આપવામાં આવી છે. સરકારી પ્રતિનિધિએ પણ પોતાનો મોબાઈલ ફોન પ્રિન્સિપાલની ઓફિસના લોકરમાં મુકવો પડશે. બને ત્યાં સુધી સ્કુલના લેન્ડલાઈન ફોનનો જ ઉપયોગ કરવાનું જણાવાયું છે. બોર્ડની પરીક્ષામાં ગેરરિતી ન થાય તે માટેનો પ્લાન બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન કોઈ પણ ઈલેકટ્રોનિક ઉપકરણ લઈ જઈ શકશે નહિ. આ ઉપરાંત ડિજીટલ ઘડિયાળ પણ બાળકો ન પહેરે તો વધુ સારું રહેશે કારણકે એ પણ સુપરવાઈઝર બહાર મુકાવી શકે છે. શિક્ષણ બોર્ડ દ્વારા રાજયના તમામ કલેકટર, પોલીસ કમિશનર અને જિલ્લા શિક્ષણાધિકારીઓને પરીક્ષા દરમિયાન બોર્ડ દ્વારા અપાયેલા જાહેરનામાનું પાલન કરવા જણાવાયું છે.

## એસજેપીઆઈ-એનઆઈસીએમના વિદ્યાર્થીઓએ 'સાતોલિયું' રમતનો આનંદ માણ્યો



રમત રમવાની કોઈ ઉંમર હોતી નથી પરંતુ આજના સ્માર્ટ ફોનના ડિજીટલ યુગમાં હવે પારંપરિક રમતો ભુલાતી જાય છે. ગાંધીનગરની શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, એસજેપીઆઈ-એનઆઈસીએમ કોલેજ ખાતે વિદ્યાર્થીઓના 'પંખ' ગૃપ દ્વારા પારંપરિક રમત 'સાતોલિયા'ની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કોલેજની ૮ ટીમોએ ભાગ લીધો હતો. 'સાતોલિયું' રમતનું આયોજન સંસ્થાના ડાયરેકટર ડૉ. બી.કે. નિર્મલના માર્ગદર્શન અંતર્ગત કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન રુચીન યાદવ અને વિજયન જૈનની દેખરેખ હેઠળ કરાયું હતું. સિનિયર-જુનિયર વિદ્યાર્થીઓની ટીમો વચ્ચે ફ્રેન્ડલી મેચ દ્વારા સ્પર્ધાનો પ્રારંભ કરાયા બાદ ફર્સ્ટ યરના વિદ્યાર્થીઓની આઠ ટીમો વચ્ચે ટકકર થઈ હતી. બાળપણના દિવસો યાદ આવી જાય તેવી મસ્તી સાથે યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને ટીમવર્ક, ટાઈમ મેનેજમેન્ટ, કોમ્યુનિકેશન, મેનેજમેન્ટ સ્કીલ સાથે ચોકસાઈ અને એકાગ્રતાના ગુણો શિખવા મળ્યા હતા. સ્પર્ધાના સંચાલન માટે હાર્દી પટેલ, કૌશલ જોશી, વિશ્વજીત ગોહિલ, ભાર્ગવ વાઘાણી વગેરેએ યોગદાન આપ્યું હતું.



માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા માર્ચ માસની પુસ્તક પરબ રવિવારની ખુશનુમા સવારે ઘ-૪ સર્ક નજીક સ્વર્ણિમ પાર્કમાં યોજાઈ હતી. આ વખતે ઠંડી વિદાય લઈ ચુકી હોવાથી પુસ્તક પરબમાં વાચકોનો ધસારો સવિશેષ રહ્યો હતો. જેમાં યુવા અને બાળ વાચકો પણ નોંધપાત્ર સંખ્યામાં જોવા મળ્યા હતા.

## રોમાન્ટિક યુગલગીતોનો કરાઓકે ટ્રેક શૉ 'સલામ-એ-ઈશ્ક' યોજાયો






ન્યુ ગાંધીનગર વિસ્તારના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની 'મેરી આવાઝ સુનો' કરાઓકે કલબ દ્વારા શનિવારે રાત્રે સેકટર-૧૨ના ડૉ.આંબેડકર હોલ ખાતે માત્ર રોમાન્ટિક યુગલ ગીતોના કરાઓકે ટ્રેક શૉ 'સલામ-એ-ઈશ્ક'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના ઘણા નામી-અનામી કલાકારોએ તેમના પરફોર્મન્સ આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ઘણા સમયથી રાહ જોવાઈ રહેલા આ કાર્યક્રમમાં નવોદિત ઉગતા કલાકારોએ પણ કરાઓકે ગાયકી ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું. આયોજકો દ્વારા તમામ કલાકારોને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫
**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
**મલંગ**
૧.૩૫, ૬.૧૦
**તાન્હાજી**
૧૨.૫૦

**સિટી પલ્સ, કુડાસણ**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૨.૩૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
**ભૂત ધ હોન્ટેડ શીપ**
૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૨.૪૫
**મલંગ**
૯.૪૫
**તાન્હાજી**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૧૦, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૨૦, ૨.૨૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૫૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૫, ૧૦.૦૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૨૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૧.૨૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, ૯.૧૫, ૧૦.૧૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫
**મલંગ**
૬.૫૫
**સ્ટ્રીટ ડાન્સર ૩-ડી**
૬.૧૫

# શું ડોમિસાઈલ સર્ટિફિકેટ પછીથી આપશો તો તમે 'ગુજરાતી' નહીં રહો??

### ઓએનજીસી દ્વારા ભરતી પ્રક્રિયામાં અરજી વખતે જ ડોમિસાઈલ સર્ટિફિકેટ રજુ કરવાની નીતિમાં 'ગુજરાતી' ઉમેદવારોને અકાવવાની સાજીશની બૂ : ગુજરાત હાઈકોર્ટના ચુકાદાએ ગુજરાતી ઉમેદવારોને હક્કથી વંચિત થતા અટકાવ્યા પરંતુ આ પ્રકારની 'સિન્ડીકેટ' સામે સરકારે જાગૃત થવાની જરૂર




ગાંધીનગર, તા.૧

ભારતના ત્રણ પડોશી દેશોમાં લઘુમતીનો દરજ્જો ધરાવતા છ ધર્મના નાગરિકો જેઓને પોતાના દેશમાં તેમની પ્રત્યે થઈ રહેલા અત્યાચારો અને ભેદભાવથી ત્રાસીને પોતાનો જીવ તથા પરિવારની ઈજ્જત-સલામતી અર્થે અહીં આવીને શરણાર્થી તરીકે વસી રહ્યા છે તેમને નાગરિકતા આપવા માટેના કાયદા 'સીએએ'ને પગલે દેશભરમાં ભારે વિવાદ ચાલી રહ્યો છે. આ પરિસ્થિતિમાં જ ભારત સરકારની નવરત્ન પૈકીની એક કંપની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન એટલે કે ઓએનજીસી દ્વારા તાજેતરમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી પ્રક્રિયા મુદ્દે બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈનમાં અરજદારે ઓનલાઈન અરજી કરતી વખતે 'ડોમિસાઈલ સર્ટિફીકેટ' રજૂ કરવું ફરજિયાત દર્શાવતા ગુજરાતના જ અસંખ્ય યુવા ઉમેદવારો ભરતી પ્રક્રિયામાંથી આપોઆપ બાકાત થઈ જાય તેવી પરિસ્થિતિ પેદા થવા પામી હતી. જો કે આ બાબતે ગુજરાત હાઈકોર્ટે ભરતી પ્રક્રીયા પર રોક લગાવી ઓએનજીસીના વલણને ગેરવ્યાજબી ઠેરવવા સાથે ભરતી પ્રક્રિયામાં સ્કીલ ટેસ્ટ વખતે ડોમિસાઈલ સર્ટિફીકેટ રજુ કરી શકાશે તેવો ચુકાદો આપતા ગુજરાતમાં ગુજરાતી યુવાનોને રોજગારી પ્રાપ્ત કરતા અટકાવવાનો પ્રયાસ થતો હોય તેવી કંપનીના અધિકારીઓની 'રમત'નો અંત આવ્યો છે પરંતુ આ ઘટનામાં રાજયમાં પરપ્રાંતિયોના નોકરીઓમાં વધતા પ્રભુત્વ અને પોતાના મળતિયાઓને સમાવવા સ્થાનિક ઉમેદવારોને યેનકેન પ્રકારે અટકાવવાના પ્રયાસોની 'બૂ' આવી રહી છે.

ગુજરાતીઓ તો જન્મજાત વેપારી હોય છે, ગુજરાતીઓને નોકરીમાં રસ નથી, ગુજરાતમાંથી અધિકારીઓ પેદા થતાં નથી કે ગુજરાતીઓમાં 'સર્વિસ કલ્ચર' નથી જેવી ઉભી કરી દેવાયેલી ભ્રામક માન્યતાઓ વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતનો યુવા વર્ગ સારી નોકરી પ્રાપ્ત કરવા પ્રસંશનીય






રીતે ઝઝુમી રહ્યો છે. હવે આઈએસથી માંડીને ફૌજમાં પણ ગુજરાતીઓ પ્રવેશ મેળવી કૌવત દાખવતા થઈ રહ્યા છે તે સાથે સાથે રાજયમાં વ્યવસાયિક કુશળતા થકી સમૃધ્ધિ પણ વધારતા રહ્યા છે જેને કારણે આ રાજય હંમેશા અન્ય રાજયોમાં નાગરિકોને નોકરી-વ્યવસાય માટે શ્રેષ્ઠ પસંદગી તરીકે આકર્ષતું રહ્યું છે. જો કે છેલ્લા કેટલાક સમયથી રાજયમાં ઉત્તર ભારતીય અને દક્ષિણ ભારતીય એમ બે પ્રકારના અન્યભાષીઓ જેઓ સરકાર કે ખાનગી ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દા ધરાવે છે તેમના દ્વારા પોતાની વગનો કે આવડતનો ઉપયોગ તેમના અધિકારક્ષેત્રમાં 'પોતાના' માણસોને ગોઠવી દેવા માટે કરાતો હોય તેવો અહેસાસ ગુજરાતીઓને થઈ રહ્યો છે. ગાંધીનગર-અમદાવાદ સહિતની અનેક સરકારી, અર્ધ સરકારી કે ખાનગી કંપનીઓમાં જયાં પરપ્રાંતિયોનું વર્ચસ્વ વધુ છે ત્યાં ગુજરાતી કર્મચારીને કયાં તો અવગણના, અવલેહના, અપમાનભર્યા વ્યવહારનો અથવા તો ત્રાસીને જાતે નોકરી છોડી દે તે રીતની હેરાનગતિનો અનુભવ થઈ રહ્યાના અઢળક કિસ્સા જોવા સાંભળવા મળી રહ્યા છે. તાજેતરમાં એક સમારંભમાં રાજયના નાયબ મુખ્યમંત્રીએ પણ 'સચિવાલયમાં અધિકારીઓની નેમપ્લેટ જોઈને દુઃખ થાય છે' તેવા ઉદગાર કાઢવા સાથે આઈએએસ-આઈપીએસ વગેરે કક્ષામાં ગુજરાતીઓને જોવા માંગુ છું તેવી લાગણી વ્યકત કરી હતી.

આમ તો દરેક ભારતીય નાગરિકને દેશના કોઈ પણ ખૂણે નોકરી-વ્યવસાય કરવાનો સમાન અધિકાર છે પરંતુ આ સાથે સ્થાનિક નાગરિકોના હિત જોખમાય તે રીતે જાણી જોઈને તેવા નિયમો બનાવવા કે તેમને અટકાવવા-દૂર કરવા યેનકેન પ્રકારે પરેશાન કરવા તે તદ્દન અયોગ્ય અને ગેરવ્યાજબી કૃત્ય છે. ઓએનજીસીનો બનાવ એ આ બાબતે આંખ ઉઘાડતી ઘટના છે પરંતુ આ પ્રકારની છુપી પરિસ્થિતિનો શિકાર ગુજરાતી યુવાનો જે રીતે બની રહ્યા છે તે બાબતે પણ સરકારે જાગૃત થઈ ગુજરાતીઓને અન્યાય ના થાય તે જોવાની ફરજ છે. ડોમિસાઈલ સર્ટિફીકેટ તમે મૂળ ગુજરાતના નાગરિક છો તે બાબતની સાબિતીનો પુરાવો છે ત્યારે સવાલ એ થાય છે કે શું ડોમિસાઈલ સર્ટિફિકેટ અરજી વખતે રજુ કરવાને બદલે પછીથી મુકાય તો શું તમે ગુજરાતી મટી જાવ છો? ઓએનજીસીની ભરતીની જાહેરાત પડવાની હતી તે શું ગુજરાતી યુવાનોના સ્વપ્નમાં આવી ગયું હોય કે તેઓ અગાઉથી આ પ્રમાણપત્ર કઢાવી રાખે? આ તો ભલુ થજો ગુજરાત હાઈકોર્ટનું કે જેણે ગુજરાતી ઉમેદવારોની તરફેણમાં નિર્ણય આપ્યો નહીંતર દેશની આટલી મોટી સરકારી કંપનીમાં નોકરી મેળવવાથી ગુજરાતી ઉમેદવારો તો વંચિત રહી જાત પરંતુ તે સાથે અન્ય સરકારી કે ખાનગી કંપનીઓને આ પ્રકારની ભરતી પ્રક્રિયા યોજવા માટે ખુલ્લું મેદાન પણ મળી જાત. આજે પણ ખાનગી કે જાહેર કંપનીઓમાં જયાં પરપ્રાંતિય કર્મચારી-અધિકારીઓનું પ્રભુત્વ છે ત્યાં જઈને ગુજરાતી કર્મચારીઓને પુછો તો ખબર પડે કે કેમ તેમને જાણી જોઈને 'નાઈટ શીફટ'ના ઓવરડોઝ અપાય છે અથવા કેમ પરીવારથી દૂર રહેવું પડે તેવા પ્રોજેકટ કે અઘરી જવાબદારીઓ સોંપવામાં આવે છે જેથી કંટાળીને તે નોકરી છોદી દે અને તેના સ્થાને 'સ્થાનિક ઉમેદવારો મળતાં નથી' તેવી રજુઆત કરી 'પોતાના' માણસોને ગોઠવી દેવાની પેરવી કરવામાં આવે. જો કે આ સમસ્યા સામે લડવા પરપ્રાંતિય વિરોધની માનસિકતા વિકસાવવાને બદલે કૌશલ્યને વિકસાવી સદભાવના સાથે 'મીલીભગત'ને ખુલ્લી પાડવાના પ્રયાસ કરવા જોઈએ અને સરકારે 'ઓએનજીસી' જેવી ગેરવ્યાજબી હિલચાલને જાગૃત રહી કડક હાથે ડામવા પગલાં લેવા પડશે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com